# જ્ઞાનપથ વિદ્યાલય-મોરબી

વિવેકાનંદ ફાઉન્ડેશન સંચાલિત

જ્ઞાન

શિસ્ત સંસ્કાર

જ્ઞાનપથ શૈક્ષણિક સંકુલ

નામ :

ધોરણ : 12 વર્ગ :

વિષય : અર્થશાસ્ત્ર રોલ નં. :

સરનામું :

મોબાઈલ નં. :

*New G.H. Board, Sanala Road, Morbi*
*( Mo. No : 99791 80060 / 94266 80060)*

www.gyanpathschool.blogspot.in

# અર્થશાસ્ત્ર (022)

## પ્રશ્નપત્રનું પરિરૂપ

### પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણની ફાળવણી

| ક્રમાંક | પ્રશ્નોનું સ્વરૂપ | સંખ્યા | ગુણ |
|---|---|---|---|
| 1. | નિબંધ | 05 | 25 |
| 2. | ટૂંકા પ્રશ્નો | 23 | 55 |
| 3. | અતિ ટૂંકા પ્રશ્નો | 10 | 10 |
| 4. | હેતુલક્ષી | 10 | 10 |
| | કુલ | **48** | **100** |

## પ્રકરણ પ્રમાણે ગુણભાર

| ક્રમાંક | પ્રકરણ | ગુણ |
|---|---|---|
| 1. | ભારતની આર્થિક સમસ્યાઓના અભ્યાસ આંકડાકીય માહિતીનું મહત્વ | 6 |
| 2. | આર્થિક વૃદ્ધિ અને વિકાસ | 8 |
| 3. | ભારતીય અર્થતંત્રની સંરચના | 6 |
| 4. | આંતરમાળખું (અંતઃસ્તર) | 8 |
| 5. | વિકાસની વ્યૂહરચનાઓ | 8 |
| 6. | 1991 તી આર્થિક સુધારાઓ | 8 |
| 7. | ભારતમાં વસ્તી (જનસંખ્યા) | 8 |
| 8. | ભારતમાં ગરીબી | 8 |
| 9. | ભારતમાં બેરોજગારી | 8 |
| 10. | ભારતીય અર્થતંત્રમાં નવા ઉદ્‌ભવતા પ્રશ્નો | 8 |
| 11. | શહેરીકરણ | 8 |
| 12. | ભારતમાં કૃષિક્ષેત્ર | 8 |
| 13. | ભારતના ઉદ્યોગો | 8 |
| | કુલ ગુણ | **100** |

# પાઠ :- 1 ભારતની આર્થિક સમસ્યાઓના અભ્યાસમાં આંકડાકીય માહિતીનું મહત્વ

## વિભાગ : A

❖ વિકલ્પો :

1. આકૃતિ કે આલેખમાં y ધરી પર શું દર્શાવવામાં આવે છે ?
➡ ચલ
2. અર્થશાસ્ત્ર એ વિજ્ઞાન છે ?
➡ સામાજિક વિજ્ઞાન
3. બે ટકાવારી સંખ્યા કે પ્રમાણનો તફાવત દર્શાવતી બાબત...
➡ ટકાવારી બિંદુ
4. ઈ.સ. 2003 માં ભારતની કાચી ગૃહપેદાશોમાં સેવાનો ફાળો કેટલા ટકા હતો ?
➡ 52%
5. ભારતમાં બેકારીના અભ્યાસ માટે રચાયેલી સમિતિ કઇ હતી ?
➡ ભગવતી સમિતિ
6. આકૃતિ કે આલેખમાં ધરી $x$ ધરી પર શું દર્શાવવામાં આવે છે ?
➡ સમયગાળો, સ્થળ કે ક્ષેત્ર
7. ઈ.સ. 1921 થી 2001 સુધીના 80 વર્ષમાં ભારતમાં થયેલા વસ્તી વૃધ્ધિનો દર કેટલો હતો
➡ બમણો
8. ભારતમાં કયા વર્ષ બાદ વસ્તી વૃધ્ધિ દર ઘટતો માલૂમ પડ્યો છે ?
➡ 1981
9. એક જ પ્રકારની માહિતી માટે કઇ આકૃતિ અનુકૂળ છે ?
➡ સાદી સ્તંભાકૃતિ
10. ટકાવારી બિંદુમાં કેટલી ટકાવારી, સંખ્યા કે પ્રમાણનો તફાવત હોય છે ?
➡ બે
11. ભારત અને ચીનની વસ્તીની સરખામણીને કઇ માહિતી કહેવાય ?
➡ આંકડાકીય
12. જન્મદર અને મૃત્યુદરની માહિતીને $x$ સાથે દર્શાવવા કઇ આકૃતિ મદદરૂપ બને ?
➡ પાસપાસેની

## વિભાગ : B

1. ભારતમાં બેકારીના અભ્યાસ માટે રચાયેલી સમિતિનું નામ આપો.
➡ ભગવતી સમિતિ
2. તુલનાત્મક અભ્યાસ એટલે શું ?

Gnanpath

➡ સમય, સ્થળ, ક્ષેત્ર કે અન્ય પરિબળોનાં સંદર્ભમાં બે કે વધુ પ્રકારની માહિતીને સરખાવીને તેના પરથી યોગ્ય તારણો કે અર્થ ઘટનો મેળવવાની પ્રક્રિયાને 'તુલનાત્મક અભ્યાસ' કહેવામાં આવે છે.

3. તુલનાત્મક અભ્યાસના પ્રકારો જણાવો.

➡ બે (1) સમય આધારિત (2) સ્થળ(સ્થાન) આધારિત

4. સામાન્ય રીતે y ધરી પર શું દર્શાવાય છે ?

➡ ચલ

5. ભારતમાં વસ્તી ગણતરીનો અહેવાલ કોના દ્વારા પ્રકાશિત થાય છે ?

➡ રજિસ્ટ્રર જનરલ એન્ડ સેન્સસ કમિશનર દ્વારા

6. આદર્શ આલેખનું કદ કેવું હોવું જોઈએ ?

➡ આંકડાઓના કદ અનુસાર

## વિભાગ : C

1. તુલનાત્મક અભ્યાસ એટલે શું ? તેના પ્રકાર જણાવો.
2. અર્થશાસ્ત્રમાં આંકડાકીય માહિતીનું મહત્વ સમજાવો/ઉપયોગીતા જણાવો.
3. ટકાવારી અને ટકાવારી બિંદુ વચ્ચેનો તફાવત જણાવો.

## વિભાગ : D

1. આર્થિક સમસ્યાના અભ્યાસમાં આંકડાકીય માહિતીનો કેવી રીતે ઉપયોગ થાય છે. તેની બે પધ્ધતિ સમજાવો.
2. આંકડાકીય માહિતીને આકૃતિકે આલેખમાં રજૂ કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો જણાવો.
3. તુલનાત્મક અભ્યાસ એટલે શું ? તેના પ્રકાર જણાવો.

## વિભાગ : E

1. આર્થિક સમસ્યાઓના અભ્યાસમાં આંકડાકીય માહિતીનું મહત્વ સ્પષ્ટ કરો.
2. પાસપાસેની સ્તંભાકૃતિ દોરો.

ભારતમાં ગરીબીનો અંદાજ

| વર્ષ | ગ્રામીણ | શહેરી |
|---|---|---|
| 1977-`78 | 53.1 | 45.2 |
| 1987-`88 | 39.1 | 38.2 |
| 1993-`94 | 37.3 | 32.4 |
| 1999-00 | 27.3 | 23.6 |

# પાઠ :- 2 આર્થિક વૃદ્ધિ અને વિકાસ

## વિભાગ : A

❖ વિકલ્પો :

1. જીવનની ભૌતિક ગુણવતા આંકનું મહતમ મૂલ્ય કેટલું હોય છે ?
➡ 100
2. માનવવિકાસ આંકનું મહતમ મૂલ્ય કેટલું છે ?
➡ 0 થી 1 વચ્ચે
3. જીવનની ભૌતિક ગુણવતા આંક રજૂ કરનાર કોણ હતા ?
➡ ડેવિસ મોરિસ
4. ઇ.સ. 2002 માં ભારત દેશની માથાદીઠ આવક કેટલી હતી ?
➡ 480 ડોલર
5. ઇ.સ. 1991-2001ના દશકા દરમિયાન ભારતની વસ્તીનો વાર્ષિક વૃદ્ધિદર કેટલો હતો ?
➡ 1.9%
6. ઇ.સ. 2004માં માનવવિકાસ આંકની દષ્ટિએ વિશ્વમાં કયો દેશ પ્રથમ સ્થાન ધરાવે છે ?
➡ નોર્વે
7. માનવવિકાસ આંકની દષ્ટિએ ઇ.સ. 2004માં ભારતનો ક્રમ કયો હતો ?
➡ 127
8. નીચી આવક ધરાવતા વિશ્વના દેશોમાં ભારતનો ક્રમ કયો હતો ?
➡ 37
9. ત્રીજા વિશ્વના દેશોને <u>વિકાસશીલ</u> કહેવામાં આવે છે.
10. આર્થિક વિકાસના નિર્દેશકો કેટલા છે ?
➡ ત્રણ
11. કયા દાયકા દરમિયાન આવકની પુનઃ વહેંચણી સાથેના વિકાસનું સૂત્ર જાણીતું થયું ?
➡ 1970
12. ઇ.સ. 2004માં ભારતનો માનવવિકાસ આંક કેટલો હતો ?
➡ 0.595
13. ઇ.સ. 2004ની માહિતી મુજબ માનવવિકાસ આંકની દષ્ટિએ શ્રેષ્ઠ દેશ કયો હતો ?
➡ નોર્વે
14. ભારતમાં રોજગારીક્ષેત્રે કોનું પ્રભુત્વ છે ?
➡ અસંગઠીત ક્ષેત્રનું
15. પ્રો. ડેવિસ મોરિસ સરેરાશ વસ્તીના સંદર્ભમાં કયો આંક રજૂ કર્યો ?
➡ જીવનની ભૌતિક ગુણવતા
16. કેટલી સરેરાશ માથાદીઠ આવકથી ઓછી આવકવાળા દેશને વિકાસશીલ દેશ કહે છે ?
➡ 735 ડોલર
17. 2004માં માનવવિકાસ આંકની દષ્ટિએ વિશ્વમાં છેલ્લા ક્રમે આવતો દેશ કયો હતો ?
➡ સિયારાલિયાન

Gyanpath

## વિભાગ : B

1. માનવવિકાસ આંકનું મહતમ મૂલ્ય જણાવો.
➡ માનવવિકાસ આંકનું મહતમ મૂલ્ય 1 છે.
2. દ્વિમુખી અર્થતંત્રનો અર્થ લખો.
➡ વિકસિત અને અલ્પવિકસિત એ બંને સ્વરૂપનાં અર્થતંત્રોના મિશ્ર લક્ષણોયુકત અર્થતંત્રને 'દ્વિમુખી અર્થતંત્ર' કહેવાય છે.
3. માનવવિકાસના પરિણામો કેટલા અને કયાં-કયાં છે ?
➡ ત્રણ (1) આરોગ્ય (2) જ્ઞાન (3) જીવનધોરણ
4. સંપોષિત વિકાસનો અર્થ લખો.
➡ સંપોષિત વિકાસ એટલે ભાવિ પેઢીની જરૂરિયાતો પૂરી પાડવાની ક્ષમતાને નુકશાન પહોંચાડયા સિવાય વર્તમાન પેઢીની જરૂરિયાત સંતોષવી.
5. માથાદીઠ આવક એટલે શું ?
➡ દેશની કુલ રાષ્ટ્રીય આવકને દેશની કુલ વસ્તી વડે ભાગતાં મળતાં આંકને માથાદીઠ રાષ્ટ્રીય આવક કહે છે.
6. આવકની વહેંચણી કયારે ન્યાયી ગણાય ?
➡ જો દેશની વધેલી અને વધતી જતીસ આવકનો મોટો હિસ્સો દેશની મોટા ભાગની વસ્તીના ભાગે એટલે 80% થી 90% વસ્તીના ભાગે જતી હોય તો તેવી વહેંચણીને આવકની ન્યાયી વહેંચણી ગણાય.
7. જીવનની ભૌતિક ગુણવતાનો આંક કયા અર્થશાસ્ત્રીએ રજૂ કર્યો ?
➡ ડેવિસ મોરિસે
8. બાળ મૃત્યુદર એટલે શું ?
➡ બાળ મૃત્યુદર એટલે દર વર્ષે પ્રત્યેક હજાર જીવતાં જન્મેલા બાળકોમાં બાર મહિના સુધીમાં મૃત્યુ પામતાં બાળકોનું પ્રમાણ.
9. અપેક્ષિત આયુષ્યની વ્યાખ્ય આપો.
➡ બાળકના જન્મ સમયે તે કેટલા વર્ષનું આયુષ્ય ભોગવી શકશે તેવી ગણતરી કરીને કાઢેલી અપેક્ષા એટલે અપેક્ષિત આયુષ્ય.
10. પ્રોઢ સાક્ષરતા દર એટલે શું ?
➡ 15 વર્ષે કે તેથી વધુ વયની વ્યકિતઓમાં શિક્ષણના પ્રમાણને પ્રોઢ સાક્ષરતા દર કહે છે.
11. ઇ.સ. 2002માં વિશ્વના વિકાસશીલ દેશમાં ભારતનો ક્રમ જણાવો.
➡ 37
12. 1991-2001ના દશકા દરમ્યાન ભારતની વસ્તીનો વાર્ષિક વૃદ્ધિદર કેટલો હતો ?
➡ 1.9%
13. યુનેસ્કોની સંપોષિત વિકાસની વ્યાખ્યા કઇ છે ?

➡ પ્રત્યેક પેઢી પૃથ્વી પર આવી ત્યારે જળ, જમીન અને વાયુ સંશોધનની જે પરિસ્થિતિ હતી, તે જ પરિસ્થિતિમાં પૃથ્વીને શુધ્ધ અને પ્રદુષણ મુકત છોડી જવી એટલે સંપોષિત વિકાસ.

14. માનવવિકાસ આંક કોણે અને કયારે રજૂ કર્યો ?

➡ ઇ.સ. 1990માં સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ દ્વારા માનવવિકાસ આંક રજૂ કરવામાં આવ્યો.

15. 1999-2000માં ભારતની ટકા વસ્તી ગરીબીરેખા હેઠળ જીવતી હતી.

➡ 26%

## વિભાગ : C

❖ વિકલ્પો :

1. જીવનની ભૌતિક ગુણવતાના આંકમાં કઇ બાબતોનો સમાવેશ થાય છે ?
2. માથાદીઠ આવકનો ખ્યાલ સમજાવો.
3. આર્થિક વૃધ્ધિ અને વિકાસ વચ્ચેનો તફાવત લખો.
4. જીવનની ભૌતિક ગુણવતાના સુધારામાં કઇ બાબતોનો થાય ?
5. માનવવિકાસ આંક એટલે શું ? તે કઇ રીતે માપવામાં આવે છે ?
6. દ્વિમુખી અર્થતંત્રનાં ખ્યાલ સમજાવો.
7. ધનીક ભારતમાં ગરીબો વસે છે. - આ વિધાન સમજાવો.

## વિભાગ : D

1. સંપોષિત વિકાસનો ખ્યાલ સમજાવો.
2. આર્થિક વિકાસના નિર્દેશક તરીકે જીવનની ભૌતિક ગુણવતામાં સુધારણાના આંક વિશે સમજાવો.
3. આર્થિક વિકાસના નિર્દેશકો કેટલા છે ? માનવવિકાસ આંક સમજાવો.

## વિભાગ : E

1. વિકાસમાન ભારતીય અર્થતંત્રની કોઇપણ પાંચ લાક્ષણિકતા સમજાવો.
2. આર્થિક વૃધ્ધિ અને વિકાસનો તફાવત સમજાવો.

Gnanpath

# પાઠ :– 3 ભારતીય અર્થતંત્રની સંરચના

## વિભાગ : A

❖ વિકલ્પો :

1. માનવવિકાસ સાથે કઇ બાબત જોડાયેલી છે ?

➡ આરોગ્ય

2. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સ્થાપના ક્યારે થઇ હતી ?

➡ 1935

3. ભારતમાં બેન્કોની સેવાનો આરંભ કઇ સાલમાં થયો હતો ?

➡ 1770

4. દેશમાં જાહેર બાંધકામ ખાતાની રચના ક્યારે થઇ હતી ?

➡ 1855

5. તાતા આર્યન એન્ડ સ્ટીલ કંપનીની શરૂઆત ક્યારે થઇ હતી ?

➡ 1907

6. ભારતમાં આધુનિક ઉદ્યોગોનો આરંભ ક્યારે થયો હતો ?

➡ 1850

7. ભારતની મધ્યસ્થ બેન્ક કઇ છે ?

➡ RBI

8. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.

➡ 1949

9. 1950-2000 ના ગાળામાં રોજગારીમાં કયા વિભાગનો ફાળો ઘટયો છે ?

➡ દ્વિતીય

## વિભાગ : B

1. માર્ગ પરિવહન માટે કયા ખાતાની ક્યારે રચના કરવામાં આવી ?

➡ માર્ગ પરિવહન માટે ઇ.સ. 1855માં જાહેર બાંધકામ ખાતાની રચના કરવામાં આવી.

2. ભારતમાં ઇ.સ. 2002માં બાળમરણનું પ્રમાણ કેટલું હતું ?

➡ 64%

3. દેશમાં આધુનિક ઢબે લોખંડના ઉત્પાદન માટે સૌપ્રથમ કઇ કંપનીએ શરૂઆત કરી હતી ?

➡ બેંગાલ આર્યન એન્ડ સ્ટીલ કંપની

4. માનવ-વિકાસ સાથે જોડાયેલ ઘટકો જણાવો.

➡ (1) બાળમરણ પ્રમાણ (2) સાક્ષરતા પ્રમાણ (3) અપેક્ષિત આયુષ્ય

5. 2003-04માં ભારતમાં માથાદીઠ આવક કેટલી હતી ?

Gnanpath

➡ 11672

6. ભારતમાં પોલાદના ઉત્પાદનની શરૂઆત કરવાનો યશ કોના ફાળે જાય છે ?

➡ જમશેદજી તાતા

7. વ્યવસાયિક માળખું એટલે શું ?

➡ અર્થતંત્રમાં થતી અસંખ્ય આર્થિક પ્રવૃતિઓના વર્ગીકરણને અર્થતંત્રના ''વ્યવસાયિક માળખા'' તરીકે ઓળખવામાં આવે છે.

8. 2001-02માં નાના પાયાના ઉદ્યોગોની સંખ્યા કેટલી હતી ?

➡ 34.42 લાખ

9. ઈ.સ. 2001માં વર્ષમાં જાહેર ક્ષેત્રના કેટલા એકમોમાં કુલ કેટલું રોકાણ થયેલું હતું ?

➡ 242 એકમોમાં કુલ રૂ.3, 74, 114 કરોડનું રોકાણ થયું હતું.

## વિભાગ : C

1. ગુણાત્મક પરિવર્તન એટલે શું ?
2. વ્યવસાયિક માળખાના સેવા વિભાગમાં કઇ કઇ સેવાઓ થાય છે ?
3. અંગ્રેજોના શાસનકાળ દરમિયાન ભારતીય ઉદ્યોગની અવનવી થઇ વિધાન સમજાવો.
4. દેશનો આર્થિક વિકાસ થતા અર્થતંત્રમાં કેવો ફેરફાર જોવા મળે છે ?
5. ભારતનું અર્થતંત્ર એક અલ્પવિકસિત અર્થતંત્ર છે.

## વિભાગ : D

1. સ્વાતંત્ર્ય પૂર્વે ભારતીય અર્થતંત્રની લાક્ષણિકતાનો પરિચય આપો.
2. સેવા વિભાગ સમજાવો.
3. આયોજન કાળ દરમિયાન ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે આવેલા પરિણાત્મક પરિવર્તનની ચર્ચા કરો.
4. માનવ વિકાસનાં ઘટકો સમજાવો.

# પાઠ :– 4 આંતરમાળખું

## વિભાગ : A

❖ વિકલ્પો :

1. માનવશકિતના વિકાસ માટે કયો તબકકો મહત્વનો ગણાયગ છે ?
➡ ઉચ્ચ શિક્ષણ
2. ભારતમાં ONGCની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
➡ ઇ.સ. 1959
3. સામાજિક આંતરમાળખામાં સમાવેશ ન થતો હોય તેવી સુવિધા કઇ છે ?
➡ સિંચાઇ
4. ભારતમાં રેલ્વેનો પ્રારંભ કયા વર્ષમાં થયો હતો ?
➡ ઇ.સ. 1853
5. કોલસાનો મહતમ ઉપયોગ શામાં થાય છે ?
➡ વીજળી ઉત્પન્ન કરવા
6. સંદેશા વ્યવહારની સેવાનું વિકસિત સ્વરૂપ કયું છે ?
➡ ઈ-કોમર્સ
7. ઊર્જાનો બિનપરંપરાગત સ્ત્રોત કયો છે ?
➡ સૂર્યશકિત, પવનશકિત, દરિયાનાં મોજાની(ભરતી) શકિત
8. એશિયા પેસેફિક વિસ્તારના મુખ્ય કોલસાના ઉત્પાદન દેશોમાં ભારતનું સ્થાન કયું છે ?
➡ બીજું
9. ભારતમાં મુખ્ય બંદરોની સંખ્યા કેટલી છે ?
➡ 11 (અગિયાર)
10. ભારતમાં સૌપ્રથમ તેલનાં કયાં તેલના ભંડારો પ્રાપ્ત થયા હતા ?
➡ આસામ

## વિભાગ : B

1. બિનવાણિનિયક ઊર્જાના સ્ત્રોત જણાવો.
➡ બિનવાણિજિયક ઊર્જાના સ્ત્રોત આ પ્રમાણે છે : (1) બળતણનાં લાકડાં (2) વનસ્પતિજન્ય કચરો અને (3) પ્રાણીઓનું સૂકું છાણ
2. STD નું પુરું નામ આપો.
➡ STD નું પુરું નામ SudScriber Trunk Diallng
3. વીજળીની ઉત્પાદન માટે મુખ્ય સ્ત્રોત કયા છે ?



Gnanpath

➡ કોલસો (થર્મલ), પાણી(હાઇડ્રો) અને પરમાણુ (ન્યુકિલયર) વીજળી ઉત્પાદનના મુખ્ય સ્ત્રોતો છે.

4. ONGE નું પુરું નામ આપો.

➡ ONGE નું પુરું નામ ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન Oil and natural Gas Corporation.

5. અર્થશાસ્ત્રમાં માનવમૂડીનો ખ્યાલ કયા અર્થશાસ્ત્રીએ આપ્યો છે ?

➡ પ્રો. માર્શલે

6. ભારતમાં સૌ પ્રથમ કયા ક્ષેત્રમાં તેલનાં ભંડારો પ્રાપ્ત થયા હતા ?

➡ આસામ

7. સામાજિક આંતરમાળખામાં કઈ સવલતોનો સમાવેશ થાય છે ?

➡ શિક્ષણ, આરોગ્ય અને રહેઠાણ

8. ભારતના આર્થિક આંતરમાળખાના ઘટકો જણાવો.

➡ (1) ઊર્જા (2) વાહન વ્યવહાર અને (3) સંદેશા વ્યવહાર

9. ભારતમાં પેટ્રોલિયમ પેદાશો અને ક્રૂડ ઓઇલની હેરફેરની વ્યવસ્થા કોણ સંભાળે છે ?

➡ ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન

10. ભારતમાં સમગ્ર ટેલિફોન સેવાનું સંચાલન કોણ અને કયારથી કરે છે ?

➡ ઓકટોબર 2000 થી ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) કરે છે.

11. ભારતમાં બંદરોનું સંચાલન કોના દ્વારા કરાય છે ?

➡ ભારતમાં વિકસેલા 11 જેટલાં બંદરોનું સંચાલન 'પોર્ટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા' દ્વારા કરવામાં આવે છે.

## વિભાગ : C

1. દેશના આર્થિક વિકાસ માટે આરોગ્ય સેવાઓ અનિવાર્ય છે સમજાવો **અથવા** આરોગ્ય અને દેશના આર્થિક વિકાસ વચ્ચે સંબંધ જણાવો.
2. ઉચ્ચશિક્ષણનો તબકકો માનવશકિત વિકાસ માટે શાથી મહત્વનો છે ?
3. ઊર્જાના બિનપરંપરાગત સ્ત્રોતો જણાવી તેના ઉપયોગ જણાવો.
4. વાણિજિય અને બિનવાણિજિય ઊર્જાના માત્ર વિવિધ સ્વરૂપો જણાવો.
5. ભારતમાં રસ્તાના વિકાસ વિશે ટૂંકનોંધ લખો.

## વિભાગ : D

1. આંતરમાળખું એટલે શું ? તેનું મહત્વ જણાવો.
2. ભારતમાં રેલ્વે વ્યવહાર વિશે ટૂંકનોંધ લખો.
3. ભારતમાં પાઇપલાઇન વ્યવહારનો વિકાસ જણાવો.
4. સામાજિક આંતરમાળખું એટલે શું તેનું મહત્વ સમજાવો.
5. ટેલિફોન અને ઇન્ટરનેટ વિશે ટૂંકનોંધ લખો.

# પાઠ :- 5 વિકાસની વ્યુહરચના

## વિભાગ : A

❖ વિકલ્પો :

1. હાલમાં ભારતમાં કઇ પંચવર્ષીય યોજના ચાલી રહી છે ?
➡ 10
2. આર્થિક વિકાસ સિધ્ધ કરવાનાં મુખ્ય માર્ગો કેટલા છે ?
➡ ત્રણ
3. ભારત કરતાં નીચી માથાદીઠ આવક ધરાવતો દેશ કયો છે ?
➡ નેપાળ
4. 2000-2001ના વર્ષમાં નફો કરતા જાહેર સાહસો કેટલા હતા ?
➡ 122
5. ગરીબી અને બેકારી દૂર કરવા માટે કેટલા ટકા રાષ્ટ્રીય આવક વૃધ્ધિદર ઇચ્છનીય અને પ્રાપ્ય ગણાય છે ?
➡ 7 થી 8%
6. આર્થિક આયોજનના પાંચ દાયકામાં ભારતે કૃષિ-ઉત્પાદનનો કેટલો વૃધ્ધિદર હાંસલ કર્યો છે ?
➡ 2.7%
7. ભારતમાં આયોજનપંચની સ્થાપના ક્યારે થઇ હતી ?
➡ 1950માં
8. પીપલ્સ પ્લાન કોણે રજૂ કર્યો ?
➡ શ્રી એમ એન રોય
9. કુલ આંતરિક ઉત્પાદનના 25% ક્યાંથી પ્રાપ્ત થાય છે ?
➡ કૃષિક્ષેત્રમાંથી
10. દસમી પંચવર્ષીય યોજના માટે રાષ્ટ્રીય આવક વૃધ્ધિનું લક્ષ્યાંક કેટલું રાખવામાં આવ્યું ?
➡ 8%

## વિભાગ : B

1. ભારતે કયા પ્રકારની અર્થવ્યવસ્થા સ્વીકારી છે ?
➡ મિશ્ર અર્થતંત્ર પ્રકારની
2. આયાત અવેજીકરણ વ્યુહરચના એટલે શું ?
➡ વસ્તુઓ વિદેશથી આયાત કરવાને બદલે દેશમાં જ ઉત્પન્ન કરવામાં આવે તેને આયાત અવેજીકરણ કહેવાય.
3. ભારતે આયોજનની શરૂઆતમાં કયા આદેશો સ્વીકાર્યા હતા ?
➡ ભારતે આયોજનની શરૂઆતમાં સમાજવાદી ઢબની સમાજ રચનાના આર્દશો સ્વીકાર્યા હતા.
4. આત્મનિર્ભરતા એટલે શું ?

Gnanpath

➡ આત્મનિર્ભરતા એટલે દેશના આંતરિક સાધનોની મદદથી અર્થતંત્રનો વૃધ્ધિદર ઊંચો ટકાવી રાખવાની ક્ષમતા.

5. ભારતમાં આયોજનકાળ દરમિયાન કયા ઉદ્દેશો ધ્યાનમાં રખાયા ?

➡ (1) આર્થિક વૃધ્ધિ (2) આત્મનિર્ભરતા (3) બેરોજગારી ઘટાડવી (4) આથિક અસમાનતા ઓછી કરવી (5) ગરીબી ઘટાડવી

6. ભારતમાં આર્થિક યોજના કોણ કરે છે ?

➡ ભારતમાં આર્થિક યોજના રાષ્ટ્રીય આયોજન પંચ તૈયાર કરે છે.

7. ભારતનાં વિસિત ચાર રાજ્યોનાં નામ આપો.

➡ મહારાષ્ટ્ર, પંજાબ, હરિયાણા અને ગુજરાત.

8. ભારતની બધી જ પંચવર્ષીય યોજનાઓમાં જે ઉદ્દેશ સફળ થયો નથી તેનું નામ આપો.

➡ ભાવસ્થિરતાનો ઉદ્દેશ

9. ભારતમાં આયોજનપંચની સ્થાપના ક્યારે થઇ ?

➡ ઇ.સ. 1950 માં.

10. ભારતમાં આયોજનપંચની રચના થઇ તે પહેલાંના આયોજન સંબંધી રજૂ થયેલા પ્લાન જણાવો.

➡ 1934 : મુંબઇ પ્લાન, સર એમ.વિક્ષવેસૈરૈયા
1943 : પીપલ્સ પ્લાન, શ્રી એમ.એન.રોય

11. મિશ્ર અર્થતંત્રમાં ક્યાં ક્ષેત્રોનું સહઅસ્તિત્વ હોય છે ?

➡ મિશ્ર અર્થતંત્રમાં જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર એ બે ક્ષેત્રોનું સહઅસ્તિત્વ હોય છે. તેમાં બંને ક્ષેત્રો એકબીજાના હરીફ નહીં, પરંતુ પૂરક હોય છે.

12. ઇ.સ. 2002 માં કયા દેશોની માથાદીઠ આવક ભારત કરતાં લગભગ બમણી હતી ?

➡ ઇ.સ. 2002 માં ચીન અને શ્રીલંકાની માથાદીઠ ભારત કરતાં બમણી હતી.

## વિભાગ : C

1. આત્મનિર્ભરતા અને સ્વાવલંબનનો અર્થ આપો.
2. આયોજનની વ્યુહરચના એટલે શું ?
3. મિશ્ર અર્થતંત્રનો અર્થ આપો.
4. આયોજન પ્રથાની કઇ ખામીઓ છે.
5. મુડીવાદ અર્થતંત્રની મર્યાદાઓ જણાવો.
6. બર્હિમુખ અને અંતમૂર્ખ વિકાસનો અર્થ આપો.

## વિભાગ : D

1. મિશ્ર અર્થતંત્રની ટૂંકનોંધ લખો.
2. ભારતમાં આઝાદી પહેલા અને પછી આયોજનના વિકાસની પ્રક્રિયા સમજાવો.
3. આર્થિક નીતિઓ અને આયોજનની વ્યુહરચનાઓ

## વિભાગ : E

1. આયોજનની વ્યુહરચનાનો અર્થ આપો. આયોજનના ધ્યેયો સિધ્ધ કરવામાં આયોજનની વ્યુહરચના કેટલે અંશે સફળ થઇ છે.
2. સમગ્ર આયોજનકાળ દરમિયાન ભારતે હાંસલ કરેલ સિધ્ધની ચર્ચા કરો.
3. આયોજન એટલે શું ? આયોજનની મર્યાદાઓ જણાવો.
4. ભારતમાં આયોજનના મુખ્ય ઉદ્દશો ચર્ચો.

# પાઠ :– 6 1991 થી આર્થિક સુધારાઓ

## વિભાગ : A

❖ વિકલ્પો :

1. વૈશ્વિકીકરણની બાબતમાં કયા દેશો શ્રમની મુકત હેરફેર માટે સંમતી આપતા નથી ?
➡ વિસિત
2. આર્થિક સુધારોઓને મુખ્ય કેટલા વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે ?
➡ 3 (ત્રણ)
3. આર્થિક સતાનું કેન્દ્રીકરણ અને ઇજારાશાહી અટકે તે હેતુથી રચાયેલ કાયદો કયો છે.
➡ MRTP
4. ભારતમાં કયા વર્ષથી કરવામાં આવેલા પરિવર્તનો આર્થિક સુધારા તરીકે ઓળખાય છે ?
➡ 1991
5. 1991 ની નવી ઔદ્યોગિક નીતી દ્વારા સરકારે કેટલા ક્ષેત્રો જાહેર વિભાગ માટે આરક્ષિત રાખ્યા છે.
➡ ત્રણ
6. ભારતમાં પ્રથમ ખાનગીકરણ કયારે થયું ?
➡ 1999
7. કયા દેશે આયોજન અપનાવીને દેશની કાયાપલટ કરી હતી.
➡ સોવિયેટ રશિયા
8. આયોજનના ત્રણ દાયકા દરમિયાન જે આર્થિક નીતિઓ અપનાવી તેનાં પરિણામો કેવાં હતા ?
➡ અસંતોષકારક
9. 1999-2000 માં વિશ્વ નિકાસોમાં ભારતનો હિસ્સો કેટલા ટકા હતો ?
➡ 0.6

10. ઈ.સ. 1991 માં ઊભી થયેલી રાજકોષીય ખાધમાંથી બહાર આવવા ભારતે કોની પાસેથી લોન લીધી હતી ?

➡ IMF

11. ઈ.સ. 1991 થી કરેલા આર્થિક સુધારામાં એક સુધારો ખોટો છે.

➡ શહેરી કરણ

12. ચીને ક્યારે સમાજવાદી અર્થતંત્રનો ત્યાગ કર્યો ?

➡ ઈ.સ. 1978 માં

## વિભાગ : B

1. આર્થિક સુધારા કોને કહેવાય ?

➡ અગાઉની આર્થિક નીતિઓમાં ચોક્કસ ઉદ્દેશો સાથે કરવામાં આવતાં મોટાં પરિવર્તનોને 'આર્થિક સુધારા' તરીકે ઓળખવામાં આવે છે.

2. ચીનમાં દર વર્ષે આશરે કેટલું વિદેશી મૂડીરોકાણ થાય છે ?

➡ 40 થી 50 અબજ ડોલરનાં વિદેશી મૂડીરોકાણો થાય છે.

3. આર્થિક સુધારાના મુખ્ય ઘટકો કયા કયા છે ?

➡ આર્થિક સુધારના મુખ્ય ત્રણ ઘટકો છે.

(1) ઉદારીકરણ (2) ખાનગીકરણ (3) વૈશ્વિકીકરણ

4. આયોજનના પ્રથમ ત્રણ દાયકામાં ભારતની રાષ્ટ્રીય આવકમાં થયેલો ફેરફાર જણાવો.

➡ આયોજનના પ્રથમ ત્રણ દાયકામાં ભારતની રાષ્ટ્રીય આવકમાં માત્ર 3.5% ના વાર્ષિક દરે વધારો થયો.

5. ભારતને આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ પાસેથી શા માટે લોન લેવી પડી ?

➡ રાજકોષીય ખાધને પૂરી કરવા માટે ભારતને આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ પાસેથી લોન લેવી પડી.

6. નાના પાયાના ઉદ્યોગોના ઉત્પાદન માટે કેટલી વસ્તુઓ આરક્ષિત રખાઇ હતી ?

➡ 800 થી વધુ વસ્તુઓ આરક્ષિત રખાઇ હતી.

7. 1999 – 2000 માં વિશ્વ નિકાસોમાં ભારતનો હિસ્સો કેટલો થયો હતો ?

➡ 0.6 %

8. ભારતમાં કઇ કંપનીઓનું ખાનગીકરણ થયું છે ?

➡ ભારતમાં આ કંપનીઓનું ખાનગીકરણ થયું છે.

(1) મોડર્ન ફૂડ ઈન્ડિયા લિમિટેડ (2) બાલ્કો (3) હિન્દુસ્તાન ઝિંક (4) કમ્પ્યૂટર મેઇન્ટનન્સ કંપની અને (5) મારૂતી ઉદ્યોગ વગેરે.

9. કયા ઉદ્યોગો માટે સરકારી પરવાના આવશ્યક છે ?

➡ કેટલાક જોખમવાળા અને પર્યાવરણની દષ્ટિએ સંવેદનશીલ ઉદ્યોગો માટે સરકારી પરવાના આવશ્યક છે.

10. ખાનગીકરણની વ્યાખ્યા આપો.

➡ ખાનગીકરણ એટલે ઔદ્યોગિક એકમો અને સેવાઓની માલિકી અને સંચાલન માટેની સતાઓનું સરકાર દ્વારા ખાનગી વ્યકિતઓ કે પેઢીઓને હસ્તાંતરણ.

11. MRTP નું પૂર્ણ નામ આપો.

➡ MRTP નું પૂર્ણ નામ 'મોનોપોલિઝ એન્ડ રિસ્ટ્રીકિટવ ટ્રેડ પ્રેકિટસીઝ એકટ' છે.

12. ભારતની નવી ઔદ્યોગિક નીતિ કયારે જાહેર કરવામાં આવી હતી ?

➡ ભારતની નવી ઔદ્યોગિક નીતિ 24 જુલાઇ, 1991 ના રોજ જાહેર કરવામાં આવી હતી.

13. વિદેશી ચલણ માટેની માંગ અને વિદેશી ચલણનાં પુરવઠાનાં પરિબળોથી શું નકકી થાય છે ?

➡ હુંડિયામણનો દર નકકી થાય છે.

## વિભાગ : C

1. પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણનો અર્થ આપી ભારતનાં અર્થતંત્રમાં તેની અસરની ચર્ચા કરો.
2. વૈશ્વિવિકીકરણ એટલે શું ? તેમાં કઇ કઇ બાબતોનો સમાવેશ થાય છે ?
3. વૈશ્વિવિકીકરણનો અર્થ આપો.
4. મૂડી વિનિવેશનો અર્થ આપી તેનાં મુખ્ય ઉદ્વેશ જણાવો.

   (1) અંદાજપત્ર માટે ઉપજ એકત્રિત કરવી અને (2) ખાનગી શેરધારકને આવા સાહસોમાં વેપારલક્ષી અભિગમ વધારવા.
5. ભારતમાં ખાનગીકરણની પ્રક્રિયા સંપૂર્ણપણે થવા પામી નથી. - સમજાવો.
6. આર્થિક સુધારા એટલે શું ? ઇ.સ. 1991 માં ભારત સરકારે કયા કયા આર્થિક સુધારા અપનાવવાની ફરજ પડી તેનાં ફકત નામ આપો.

## વિભાગ : D

1. ખાનગીકરણના મુખ્ય ઉદ્વેશો જણાવો.
2. આર્થિક સુધારાઓને કારણે ભારતીય અર્થતંત્રમાં કેવા પરિવર્તનો થાય છે.
3. ઉદારીકરણ એટલે શું ? ભારતીય અર્થતંત્ર પર તેની શી અસર થવા પામી છે. **અથવા**
3. ભારતમાં ઉદારીકરણની ટૂંકનોંધ લખો.
4. ભારતમાં વૈશ્વિકીકરણની નોંધ લખો.
5. ભારતને 1991 માં નવા આર્થિક સુધારા અપનાવવાની ફરજ શાથી પડી ?

## વિભાગ : E

1. ''ખાનગીકરણની પ્રક્રિયા સમજાવી તે ભારતીય અર્થતંત્રમાં સંપૂર્ણપણે થવા પામે નથી.''- આવિધાન સમજાવો.
2. ભારતમાં ઈ.સ. 1991 પછીના આર્થિક સુધારઓની ચર્ચા કરો.

# પાઠ :- 7 ભારતમાં વસ્તી

## વિભાગ : A

❖ વિકલ્પો :

1. વસ્તી સંક્રમણના સિધ્ધાંત મુજબ કયા તબકકામાં વસ્તી વિસ્ફોટ થાય છે ?
➡ બીજા
2. વસ્તી સંક્રમણનો કયો તબકકો વસ્તીવિસ્ફોટના તબકકા તરીકે ઓળખાય છે ?
➡ બીજા
3. ઈ.સ. 2001 ની વસ્તીગણતરી મુજબ ભારતની વસ્તી કેટલા કરોડ હતી ?
➡ 102.70
4. કોને અંધારી રાતના શત્રુ તરીકે ઓળખવામાં આવે છે ?
➡ વસ્તીવધારો
5. ઈ.સ. 2002 માં ભારતનો જન્મદર કેટલા ટકા હતો ?
➡ 25%
6. ઈ.સ. 2002 માં ભારતનો મૃત્યુદર કેટલા ટકા હતો ?
➡ 8.1
7. બંગાળના ભયાજન દુષ્કાળનું વર્ષ
➡ 1941-43
8. વસ્તીના ઈતિહાસમાં કયા વર્ષને 'મહાન વિભાજક' વર્ષ તરીકે ઓળખવામાં આવે છે ?
➡ ઈ.સ. 1921
9. 1951 થી 1961 ના દશકામાં વસ્તી-વૃધ્ધિદર નોંધાયો.
➡ 2% આસપાસ
10. 1901 થી 2001 સુધીના 100 વર્ષોમાં ભારતની વસ્તી કેટલા ગણી થઇ છે ?
➡ ચાર

## વિભાગ : B

1. વસ્તીને 'અંધારી રાતના શત્રુ' તરીકે શા માટે ઓળખવામાં આવે છે ?
➡ વસ્તી વધારો વિકાસનાં ફળ દેશના લોકો સુધી પહોંચવા દેતો નથી તેથી તેને 'અંધારી રાતના શત્રુ' તરીકે ઓળખવામાં આવે છે.
2. જન્મદર એટલે શું ? જન્મદરનો ખ્યાલ સમજાવો.
➡ એક વર્ષના સમયગાળા દરમિયાન દર હજારે જન્મતાં બાળકોની સંખ્યાને 'જન્મદર' કહે છે.
3. બિનઉત્પાદક વયજૂથમાં કોનો સમાવેશ થાય છે ?

➡ બાળકો, વૃદ્ધો તથા 15 થી 59 વર્ષના વયજૂથના બેકારોનો સમાવેશ થાય છે.

4. 1921 નું વર્ષ શા માટે 'મહાવિભાજક વર્ષ' ગણાય છે ?

➡ 1921 ના વર્ષ પછી વીસમી સદી દરમિયાન ભારતમાં વસ્તી સતત વધતી ગઇ છે. તેથી 1921 નું વર્ષ 'મહાવિભાજક વર્ષ' ગણાય છે.

5. દેશમાં વસ્તીવિસ્ફોટ થયો છે એમ ક્યારે કહેવાય ?

➡ વસ્તીવૃદ્ધિના દરમાં અમુક સમયગાળામાં સતત ઝડપ વધારો થાય છે ત્યારે દેશમાં 'વસ્તી વિસ્ફોટ' થયો છે એમ કહેવાય.

6. વસ્તી સંક્રમણના ત્રીજા તબકકમાં વસ્તીવૃદ્ધિનો દર શા માટે ઘટે છે ?

➡ વસ્તી સંક્રમણના ત્રીજા તબકકામાં મૃત્યુદરની સાથે જન્મદરમાં પણ ઘટાડો થાય છે. તેથી વસ્તીવૃદ્ધિનો દર ઘટે છે.

7. વસ્તી સંક્રમણના ત્રીજા તબકકામાં વસ્તીવૃદ્ધિનો દર શા માટે ઘટે છે ?

➡ વસ્તી સંક્રમણના ત્રીજા તબકકામાં મૃત્યુદરની સાથે જન્મદરમાં પણ ઘટાડો થાય છે. તેથી વસ્તી વૃદ્ધિનો દર ઘટે છે.

8. વસ્તીવૃદ્ધિદરને અસર કરતાં બે મુખ્ય પરિબળો કયાં છે ?

➡ (1) જન્મદર (2) મૃત્યુદર

9. વસ્તીવધારાનો દર શાથી ઊંચો રહે છે ?

➡ જો ઊંચો જન્મદર નીચા મૃત્યુદર કરતાં ઘણો વધારો હોય તો વસ્તીવધારાનો દર ઊંચો રહે છે.

10. ઉત્પાદકીય વયજૂથમાં કોનો સમાવેશ થાય છે ?

➡ 15 થી 60 વર્ષની વયજૂથની વસ્તીનો ઉત્પાદકીય વયજૂથમાં સમાવેશ થાય છે.

11. વસ્તીસંક્રમણનો સિધ્ધાંત કયા અર્થશાસ્ત્રીએ રજૂ કર્યો ?

➡ વસ્તીસંક્રમણનો સિધ્ધાંત કાલ અને હુવર નામના બે અર્થશાસ્ત્રી એ રજૂ કર્યો.

## વિભાગ : C

1. 'ભારતમાં ગરીબ કુટુંબો બાળકોને જવાબદારી નહિ, પરંતુ અકસ્માત ગણે છે.' સમજાવો.

2. ભારતમાં વસ્તીગણતરી દર કેટલા વર્ષે થાય છે ? છેલ્લી વસ્તી ગણતરી ક્યારે થઇ ?

➡ ભારતમાં વસ્તી ગણતરી દર દસ વર્ષે થાય છે. છેલ્લી વસ્તી ગણતરી 2001 માં થઇ.

3. સામાજિક વ્યવસ્થા ખર્ચમાં કયા ખર્ચનો સમાવેશ થાય છે ?

➡ સામાજિક વ્યવસ્થા ખર્ચમાં વસ્તીના જીવન ધોરણને ટકાવી રાખવા માટે કરવો પડતો ખર્ચ તથા માનવ સંશોધનના વિકાસ માટે જરૂરી એવા શિક્ષણ અને આરોગ્યા પાછળ થતા ખર્ચનો સમાવેશ થાય છે.

4. ભારતમાં 1921 નું વર્ષ 'મહાવિભાજક વર્ષ' તરીકે શા માટે ઓળખાય છે ?

5. વસ્તી વધારાને શા માટે 'અંધારી રાતનો શત્રુ' કહેવામાં આવે છે ?

6. ભારતમાં વસ્તી 'જવાબદારી' બની રહેલ છે. સમજાવો.

7. વસ્તીસંક્રમણના કયા તબકકામાં વસ્તીવિસ્ફોટ થાય છે ? શાથી ?

## વિભાગ : D

1. જન્મદર એટલે શું ? ઊંચા જન્મદર માટેનાં કારણો સમજાવો.

2. વસ્તીસંક્રમણનો સિધ્ધાંત સમજાવો.

3. મૃત્યુદર એટલે શું ? મૃત્યુદર ઘટવાનાં બે કારણોની ચર્ચા કરો.
4. ભારતની વસ્તીનીતિ વિશે નોંધ લખો.

### વિભાગ : E

1. વસ્તીવૃધ્ધિની આર્થિક વિકાસ પર થતી અસરોની ચર્ચા કરો. **અથવા**
1. આર્થિક વિકાસ અને વસ્તીવૃધ્ધિ વચ્ચેનો સંબંધ અંગે સવિસ્તાર નોંધ લખો.

# પાઠ :- 8 ભારતમાં ગરીબી

### વિભાગ : A

❖ વિકલ્પો :

1. ભારતમાં આયોજનપંચ ગ્રામીણ વિસ્તારના લોકો માટે લઘુતમ કેલરીનું પ્રમાણ કેટલું નકકી કર્યુ હતું ?

➡ 2400

2. ભારતમાં સૌથી વધુ ગરીબી કયા રાજયમાં જોવા મળે છે ?

➡ ઓરિસ્સા

3. ગુજરાતમાં ગરીબીરેખા નીચે કેટલા ટકા લોકો જીવે છે ?

➡ 14.70%

4. આવકની ઊંચી અસમાનતા ધરાવતો દેશ છે.

➡ મેકિસકો

5. મહિલાસ્વયંસિદ્ધ યોજના કયા વર્ષમાં શરૂ થઇ ?

➡ ઇ.સ. 2001 માં

6. ‘આશ્રય વીમા યોજના’ કયા વર્ષના બજેટમાં રજૂ કરવામાં આવી હતી ?

➡ 2000-2001

7. GKY એટલે શું ?

➡ ગંગા કલ્યાણ યોજના

8. આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ ‘અતિગરીબ’ એટલે જેની દૈનિક આવક....

➡ 1 ડોલરથી ઓછી હોય

9. ગરીબીરેખા એટલે...

➡ નિરપેક્ષ અસમાનતા

10. જવાહર ગ્રામસમૃદ્ધિ યોજના કયા વર્ષમાં શરૂ કરવામાં આવી ?

➡ ઇ.સ. 1999 માં

## વિભાગ : B

1. ભારત આવકની કેવી અસમાનતા ધરાવે છે ?

➡ ભારત આવકની નીચી અસમાનતા ધરાવે છે.

2. 'ગરીબ' કોને ગણવામાં આવે છે ?

➡ સમાજના જે લોકો જીવનની પાયાની જરૂરિયાતોથી વંચિત હોય તે લોકોને 'ગરીબ' ગણવામાં આવે છે.

3. આવકની અસમાનતાને આધારે દેશને કયા ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવે છે ?

➡ (1) વધુ આવકની અસમાનતા (20% લોકોને ભાગે રાષ્ટ્રીય આવકનો 5% હિસ્સો)

(2) મધ્યમ આવકની અસમાનતા (20% લોકોને ભાગે રાષ્ટ્રીય આવકનો 5 થી 7% હિસ્સો)

(3) ઓછી આવકની અસમાનતા

(20% લોકોને ભાગે રાષ્ટ્રીય આવકનો 7% કે તેથી વધુ હિસ્સો)

4. ગરીબીરેખા એટલે શું ?

➡ વ્યકિતને ખોરાકમાંથી અમુક ન્યૂનતમ ઊર્જા (કેલરી) પ્રાપ્ત કરવા માટે અનિવાર્ય હોય તેવું વપરાશખર્ચ કે આવકનું નકકી કરેલું ધોરણ 'ગરીબીરેખા' કહેવાય.

5. સાપેક્ષ ગરીબી એટલે શું ?

➡ જુદી જુદી આવક ધરાવતી સમાજની વ્યકિતઓ કે સમાજના વર્ગોની એકબીજા સાથે આવકની તુલના કરીને નકકી થતી ગરીબીને 'સાપેક્ષ ગરીબી' કહેવામાં આવે છે.

6. નિરપેક્ષ ગરીબી એટલે શું ?

➡ ન્યૂનતમ આવક કે વપરાશખર્ચના નિર્ધારિત ધોરણને આધારે નકકી થતી ગરીબાઇને 'નિરપેક્ષ ગરીબી' કહે છે.

7. 'અતિ ગરીબ' કોને ગણવામાં આવે છે ?

➡ જે વ્યકિતની રોજની સરેરાશ આવક 1 અમેરિકન ડોલરથી ઓછી હોય તેને 'અતિ ગરીબ' ગણવામાં આવે છે.

8. ગરીબી ઘટાડવાના મુખ્ય ચાર ઉપાયો જણાવો.

➡ (1) સ્વરોજગારીના કાર્યક્રમો, (2) વેતનયુકત રોજગારીના કાર્યક્રમો, (3) સામાજીક સલામતીના કાર્યક્રમો અને (4) જાહેર વિતરણ વ્યવસ્થાના કાર્યક્રમો.

9. 'સ્વસહાય જૂથ' કોને કહેવાય ?

➡ એકબીજા સાથે કામની વહેંચણી કરે, એકબીજા પાસેથી શીખે અને પ્રોત્સાહન આપે તેવા જૂથને 'સ્વસહાય જૂથ' કહેવામાં આવે છે.

Gyanpath

10. સુવર્ણજયંતી શહેરી રોજગાર યોજના ક્યારથી અમલી બની છે ?

➡ સુવર્ણજયંતી શહેરી રોજગાર યોજના ઇ.સ. 1997 થી અમલી બની છે.

11. HIV અને AIDS સામે કઇ યોજનામાં જોગવાઇ કરવામાં આવી છે ?

➡ HIV અને AIDS સામે સાર્વભૌમિક સ્વાસ્થ્ય વીમા યોજનામાં જોગવાઇ કરવામાં આવી છે.

12. ઇ.સ. 2001 માં માથાદીઠ અનાજની પ્રાપ્તિ કેટલી હતી ?

➡ ઇ.સ. 2001 માં માથાદીઠ અનાજની પ્રાપ્તિ લગભગ 414 ગ્રામ હતી.

13. 'મહિલા સ્વયંસિદ્ધિ યોજના' ક્યારે રજૂ થઇ ? તેનો મુખ્ય હેતુ જણાવો.

➡ જુલાઇ, 2001 માં રજૂ થઇ. તેનો મુખ્ય હેતુ મહિલાઓ સ્વરોજગાર દ્વારા સ્વાવલંબન પ્રાપ્ત કરે તે છે.

## વિભાગ : C

1. દેશમાં આવકની અસમાનતાના આધારે ગરીબીની તીવ્રતા કેવી રીતે જાણી શકાય છે તે સમજાવો.
2. ગરીબી રેખાનો ખ્યાલ સમજાવો.
3. સ્વરોજગારી અને વેતનયુક્ત રોજગારીનો અર્થ આપો.
4. 'ગરીબીનું આંતરરાષ્ટ્રીય ધોરણ'નો ખ્યાલ સમજાવો.
5. 'ગરીબીની સ્થિતિ'નો ખ્યાલ સમજાવો.
6. સરકાર દ્વારા અમલમાં મુકાયેલા સ્વરોજગારીના કાર્યક્રમમાં કઇ ઊણપ જોવા મળી છે ?

## વિભાગ : D

1. ગરીબીરેખા એટલે શું ? તેની વિગતવાર સમજૂતી આપો.
2. જાહેર વિતરણ વ્યવસ્થા યોજના વિશે ટૂંકનોંધ લખો.
3. નિરપેક્ષ ગરીબી એટલે શું ? નિરપેક્ષ ગરીબીનું નિર્ધારણ સમજાવો.
4. રોજગાર બાંહેધરી યોજના સમજાવો.
5. ગરીબીનિવારણ માટે સામાજીક સલામતીના કોઇપણ ત્રણ કાર્યક્રમોની રૂપરેખા આપો.

## વિભાગ : E

1. સાપેક્ષ અને નિરપેક્ષ ગરીબીનો ખ્યાલ સમજાવો.
2. ગરીબી ઘટાડવાના ઉપાયો.

# પાઠ :- 9 ભારતમાં બેરોજગારી

## વિભાગ : A

❖ વિકલ્પો :

1. કયા વયજૂથમાં આવતા લોકોની બેરોજગારી યુવાનોની બેરોજગારી છે.

➡ 18 થી 25 વર્ષ

2. તેજી-મંદીને કારણે ઉદ્ભવતી બેકારી કઇ છે ?

➡ ચક્રિય

3. નીચેનામાંથી કઇ બેરોજગારી ખુલ્લી કે સંપૂર્ણ બેરોજગારી તરીકે ઓળખાય છે ?

➡ લાંબા ગાળાની

4. કયા પ્રકારની બેકારીમાં શ્રમની સીમાંત ઉત્પાદકતા શૂન્ય હોય છે.

➡ પ્રચછન્ન બેકારી

5. જૂની ટેકનોલોજીને સ્થાને નવી ટેકનોલોજી આવે ત્યારે સર્જાતી બેરોજગારી કહે છે.

➡ ઘર્ષણયુકત બેરોજગારી

6. વિકસિત દેશોમાં જોવા મળતી બેકારીનું એક સ્વરૂપ છે.

➡ ચક્રિય બેકારી

7. કયા ક્ષેત્રે છુપી બેરોજગારી જોવા મળે છે ?

➡ ખેતીક્ષેત્રે

8. ઓટોરિક્ષા આવવાથી ઘોડાગાડીવાળાઓ બેરોજગાર બને તો તે કયા પ્રકારની બેરોજગારી કહેવાય ?

➡ ઘર્ષણજન્ય

9. કઇ બેરોજગારી કાયમી સ્વરૂપ ધરાવે છે ?

➡ લાંબાગાળાની

10. બેરોજગારીનો દર કયા સમયગાળામાં ઘટયો હતો.

➡ 1987-94

11. ઓછામાં ઓછું કયું શિક્ષણ મેળવ્યું હોય અને વ્યકિત બેરોજગાર હોય તો તેને શિક્ષિત બેરોજગાર કહી શકાય ?

➡ માધ્યમિક

Gnanpath

12. ભારતીય બેરોજગારીના માળખામાં શેની વિષમતા રહેલી છે ?

➡ માળખાગત

## વિભાગ : B

1. બેરોજગારી એટલે શું ?

➡ બેરોજગારી એટલે પ્રવર્તમાન વેતન દરે કામ કરવાની ઇચ્છા અને શકિત ધરાવતા લોકોને કામ શોધવા છતાં પૂરતા સમયનું કામ મળતું ન હોય તેવી સ્થિતિ.

2. શિક્ષિત બેરોજગાર કોને કહેવાય ?

➡ ઓછામાં ઓછું માધ્યમિક શિક્ષણ મેળવેલ વ્યકિત જો બેરોજગાર હોય તો તે શિક્ષિત બેરોજગાર કહેવાય છે.

3. દૈનિક બેરોજગારીનો ખ્યાલ સમજાવો.

➡ છેલ્લાં સપ્તાહમાં જો વ્યકિતને એક કલાકનું પણ કામ ન મળે તો તેને દૈનિક ધોરણે બેરોજગાર ગણવામાં આવે છે આવી સ્થિતિને દૈનિક બેરોજગારી કહે છે.

4. સાપ્તાહિક બેરોજગારી એટલે શું ?

➡ જે દિવસે મોજણી કરી હોય તેના અઠવાડિયા અગાઉ જો વ્યકિતએ કામની શોધ કરી હોય છતાં એક પણ દિવસ કામ ન મળ્યું હોય તે સ્થિતિને સાપ્તાહિક બેરોજગારી કહે છે.

5. ચક્રીય બેરોજગારીને અસર કરતું મુખ્ય પરિબળ કયું છે ?

➡ ચક્રીય બેરોજગારીને અસર કરતું મુખ્ય પરિબળ અર્થતંત્રમાં આવતી તેજી-મંદી છે.

6. મૂડી પ્રધાન ઉદ્યોગોમાં કયા પ્રકારની બેરોજગારી જોવા મળે છે ?

➡ ઘર્ષણજન્ય બેરોજગારી

7. 'શિક્ષિત યુવાનોની બેરોજગારી' કયા વિસ્તારમાં જોવા

➡ શહેરી વિસ્તારમાં

8. પ્રચછન્ન બેરોજગાર એટલે શું ?

➡ સામાન્ય રીતે વ્યકિતઓ દેખીતી રીતે કોઇ કામ કરતી જણાય પરંતુ કુલ ઉત્પાદનમાં તેનો ફાળો શૂન્ય હોય તો તેવી વ્યકિતઓ પ્રચછન્ન બેરોજગાર ગણાય છે. આ પ્રકારની બેરોજગારી પ્રચછન્ન બેરોજગારી છે.

9. ચક્રીય બેકારી એટલે શું ?

➡ બજારના ફેરફારો કે તેજી-મંદીના પ્રવાહોના કારણે જે બેકારી સર્જાય તેને ચક્રીય બેકારી કહે છે.

10. ઘર્ષણજન્ય બેકારી એટલે શું ?

➡ જૂની ટેકનોલોજીને સ્થાને નવી ટેકનોલોજી આવતાં જે બેકારી સર્જાય તેને ચક્રીય બેકારી કહે છે.

11. ઘર્ષણજન્ય બેરોજગારીનું કોઇ એક દૃષ્ટાંત આપો.

➡ સ્ટીલનાં વાસણો આવવાથી તાંબા-પિતળનાં વાસણોનો ધંધો કરનાર લોકો બેરોજગાર બને તે ઘર્ષજન્ય બેરોજગારીનું દૃષ્ટાંત છે.

## વિભાગ : C

1. ભારતમાં બેરોજગારીની સમસ્યા શા માટે તીવ્ર બની છે ?
2. ભારતમાં બેરોજગારીની દૈનિક સ્થિતિ જાણવાની પધ્ધતિનો ટૂંકમાં ખ્યાલ આપો.
3. વિકસિત દેશોમાં જોવા મળતી બેરોજગારી ટૂંકમાં સમજાવો.
4. વિકસિત અને વિકસતા દેશોની બેરોજગારીનો તફાવત સમજાવો.
5. પ્રચછન્ન બેરોજગારી એટલે શું ?
6. શહેરી વિસ્તારોની બેરોજગારીને 'યુવાનોની બેરોજગારી' કેમ કહે છે ?

## વિભાગ : D

1. ગ્રામીણ વિસ્તારમાં બેરોજગારી ઘટાડવાના ઉપાયોની ચર્ચા કરો.
2. ભારતમાં બેરોજગારીનાં ત્રણ કારણોની ચર્ચા કરો.
3. ભારતમાં બેરોજગારીઓ માપવાની પધ્ધતિઓ વિશે નોંધ લખો.
4. બેરોજગારી દેશનાં અર્થતંત્રમાં કયા પ્રશ્નો પેદા કરે છે ?
5. ગરીબીનિવારણ માટે સામાજીક સલામતીના કોઇપણ ત્રણ કાર્યક્રમોની રૂપરેખા આપો.

## વિભાગ : E

1. ભારતમાં પ્રવર્તમાન બેરોજગારીના કારણોની ચર્ચા કરો.
2. બેરોજગારી ઘટાડવાના સર્વસામાન્ય ઉપાયોની ચર્ચા કરો.

# પાઠ :– 10 ભારતીય અર્થતંત્રમાં નવા ઉદ્‌ભવતા પ્રશ્નો

## વિભાગ : A

❖ વિકલ્પો :

1. ઈ.સ. 2001 માં દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું હતું ?
➡ 933
2. પર્યાવરણીય કચરો શોષવાની ક્ષમતા પછીનો કચરો કયા નામે ઓળખાય છે ?
➡ પ્રદૂષણ
3. પર્યાવરણમાં કચરાના નિકાલ માટે ચુકવવી પડતી કિંમત એ કયો કર છે ?
➡ ઉત્સર્જન વેરો
4. પર્યાવરણ નીતિ કેવા દેશોમાં વધુ અસરકારક છે ?
➡ વિકસિત
5. મનીઓર્ડર અર્થતંત્રના કારણે ગામની આર્થિક સ્થિતિમાં સુધારો એ સ્થળાંતરની કઇ અસર છે ?
➡ હકારાત્મક
6. મનીઓર્ડર અર્થતંત્રના કારણે કયા રાજયનો વિકાસ નોંધપાત્ર રહ્યો છે ?
➡ કેરલ
7. ગુજરાતના દરિયાકાંઠાના કારણે કયા પ્રકારના સ્થળાંતરને ઉતેજન મળ્યું છે ?
➡ આંતરરાષ્ટ્રીય
8. ઈ.સ. 2001 ની વસ્તીગણતરી અનુસાર ગુજરાતમાં પ્રત્યેક હજાર છોકરાઓની સામે છોકરીનું પ્રમાણ કેટલું હતું ?
➡ 878
9. ઝુંપડપટ્ટીનો વિસ્તાર સ્થળાંતરની કેવી અસર કરે છે ?
➡ નકારાત્મક
10. આદિવાસીઓનું શહેર વિસ્તારમાં થતું સ્થળાંતર કયા પ્રકારનું છે ?
➡ અપાકર્ષણ
11. પર્યાવરણ નીતિના ઘટકોની સંખ્યા કેટલી છે ?
➡ ચાર

## વિભાગ : B

1. પર્યાવરણનો ખ્યાલ સમજાવો.
➡ જમીન, હવા, પાણી, વનસ્પતિ, પ્રકાશ વગેરે જૈવિક અને અજૈવિક પરિબળો સાથેની કુદરતી પ્રક્રિયા અને તેના દ્વારા નીપજતા સમૂહને ‘પર્યાવરણ’ તરીકે ઓળખવામાં આવે છે.
2. ‘પર્યાવરણની ખાળકૂંડી’ એટલે શું ?

Gnanpath

➡ આર્થિક પ્રવૃતિઓના કેટલોક કચરો પર્યાવરણમાં શોષાઇ જાય છે તે પ્રક્રિયાને 'પર્યાવરણની ખાળકૂંડી' કહે છે.

3. પર્યાવરણીય સમસ્યાઓ માટે વિશ્વસ્તરે સૌપ્રથમ જાગૃતિ કયા વર્ષમાં આવી ?

➡ ઈ.સ. 1972

4. 'પૃથ્વી પરિષદ'નું આયોજન કયા શહેરમાં થયું હતું ?

➡ 'પૃથ્વી પરિષદ'નું આયોજન સ્વિડનના સ્ટોકહોમ શહેરોમાં થયું હતું.

5. પર્યાવરણીય નીતિ શા માટે જરૂરી છે ?

➡ પર્યાવરણીય ગુણવતાના ઇચ્છનીય સ્તર અને વાસ્તવિક સ્તર વચ્ચેનો તફાવત શકય તેટલો ઓછો થાય અને ઉત્પાદન તથા ઉપભોગની તરેહમાં પરિવર્તન આવે તે માટે પર્યાવરણીય નીતિ જરૂરી છે.

6. 'પર્યાવરણીય - મિત્ર' ટેક્નોલોજી એટલે શું ?

➡ પર્યાવરણને શકય તેટલું ઓછું નુકસાન થાય તેવી ટેક્નોલોજીને 'પર્યાવરણ - મિત્ર' ટેક્નોલોજી કહે છે.

7. 'ઉત્સર્જન કર' એટલે શું ?

➡ પર્યાવરણમાં કચરાના નિકાલ માટે ચૂકવવી પડતી કિંમત 'ઉત્સર્જન કર' તરીકે ઓળખાય છે.

8. ભારતમાં પ્રદૂષણ-નિયંત્રણ માટે કઇ જોગવાઇ છે ?

➡ ભારતમાં પ્રદૂષણ-નિયંત્રણ માટે આદેશ અને નિયંત્રણની વ્યૂહરચનાની જોગવાઇ છે.

9. કઇ વ્યૂહરચના સ્ત્રી-પુરુષ પ્રમાણની અસમાનતા દૂર કરી શકે તેમ છે ?

➡ સ્ત્રીઓનાં 'રક્ષણ, પોષણ અને શિક્ષણ'ની ત્રિપાંખિયા વ્યદૂહરચના સ્ત્રી-પુરુષ પ્રમાણની અસમાનતા દૂર કરી શકે તેમ છે.

## વિભાગ : C

1. સ્ત્રી-પુરુષ પ્રમાણની અસમાનતા ઘટાડવાના ઉપાયો જણાવો.
2. ''મની ઓર્ડર અર્થતંત્ર'' પદ સમજાવો.
3. 'પર્યાવરણ-મિત્ર' ટેકનોલોજી પદ સમજાવો.
4. પર્યાવરણની નીતિ એટલે શું ? તેના મુખ્ય ઘટકોના માત્ર નામ દર્શાવો.
5. પર્યાવરણની ખાળકૂંડી એટલે શું ?
6. 'આર્થિક વિકાસ અને પર્યાવરણની ગુણવતાના વચ્ચે ચોકકસ સંબંધ છે.' ટૂંકમાં સમજાવો.

## વિભાગ : D

1. પર્યાવરણની આર્થિક ભૂમિકા સમજાવો. **અથવા**

1. આર્થિક અને પર્યાવરણ વચ્ચે સંબંધ સ્પષ્ટ કરો. **અથવા**

1. આર્થિક વિકાસની પર્યાવરણની ગુણવતા પર થતી અસરો ચર્ચા કરો.

2. સ્થળાંતરની હકારાત્મક અસરો જણાવો.
3. સ્થળાંતરનો અર્થ આપી તેના કારણો જણાવો.
4. સ્થળાંતરની નકારાત્મક અસરો જણાવો.

## વિભાગ : E

1. પર્યાવરણની મુખ્ય સમસ્યાઓ ચર્ચો.

# પાઠ :– 11 શહેરીકરણ

## વિભાગ : A

❖ વિકલ્પો :

1. 50 વર્ષમાં ભારતમાં શહેરી વસ્તીમાં કેટલા ગણો વધારો થયો છે ?

➡ છ ગણો

2. સામાન્ય રીતે શહેરીકરણ કેટલી રીતે થાય છે ?

➡ ત્રણ

3. વર્ષ 2001 માં ભારતની કુલ વસ્તીમાં શહેરી વસ્તી કેટલા કરોડની હતી ?

➡ 28.54

4. ઈ.સ. 2000 માં ભારતમાં શહેરી વસ્તી કેટલી હતી ?

➡ 36.06 કરોડ

5. વિકસિત દેશોમાં કુલ વસ્તીના કેટલા ટકા લોકો નગરવિસ્તારમાં રહે છે ?

➡ 75 થી 80% લોકો

6. કયા રાજ્યમાં હરિયાળી ક્રાંતિને લીધે શહેરીકરણ વેગવાન બન્યુ છે ?

➡ પંજાબ

7. ભારતમાં ગ્રામ્ય સ્ત્રીઓનું સ્થળાંતર કેટલા પ્રકારે થાય છે ?

➡ 2 (બે)

8. ઈ.સ. 1951 માં નગરની વ્યાખ્યા કેવી હતી.

➡ ઉદાર

## વિભાગ : B

1. ભારતનાં કયાં રાજ્યોમાં શહેરીકરણ વધ્યું છે ?

➡ ભારતમાં અગાઉના દાયકામાં પશ્ચિમબંગાળ, મહારાષ્ટ્ર, ગુજરાત અને તમિલનાડુ જેવાં રાજ્યોમાં શહેરીકરણ વધ્યું હતું.

2. શહેરીકરણ એટલે શું ?

Ghanpath

➡ શહેરીકરણ એવી પ્રક્રિયા છે જેમાં ગ્રામવિસ્તારમાંથી શહેરવિસ્તારમાં થતી વસ્તીનું સ્થળાંતરણ થાય છે અને શહેરમાં રહેતી વસ્તીના પ્રમાણમાં વૃધ્ધિ થાય છે.

3. શહેરીકરણ શેનું પરિણામ છે ?

➡ સામાન્ય રીતે શહેરીકરણ ઉદ્યોગીકરણનું પરિણામ છે.

4. ધી નેશનલ કમિટી ઓન અર્બનાઇઝેશને શહેરી અંગે કઇ ભલામણ કરી હતી ?

➡ ધી નેશનલ કમિટિ ઓન અર્બનાઇઝેશને પછાત વિસ્તારોને સાધનો ફાળવવાને બદલે મધ્યમ અને નાનાં કદનાં નગરો વસાવવાની ભલામણ કરી હતી.

5. કુદરતી વસ્તીવૃદ્ધિ એટલે શું ?

➡ મૃત્યુદર કરતાં જન્મદર વધુ હોવાને લીધે વસ્તીનું પ્રમાણ વધે તેને કુદરતી વસ્તીવૃદ્ધિ કહે છે.

6. ભારતે શહેરીકરણની કઇ નીતિ અપનાવી છે ?

➡ ભારત સરકારે આર્થિક વિકાસલક્ષી શહેરીકરણની નીતિ અપનાવી છે.

7. અલ્પવિકસિત દેશોમાં શહેરીકરણ કેટલા ગણુ થયું છે ?

➡ અલ્પવિકસિત દેશોમાં શહેરીકરણ 7.68 ગણું થયું છે.

8. ઇ.સ. 2001 માં ભારતની કેટલી વસ્તી ગ્રામવિસ્તારમાં હતી ?

➡ ઇ.સ. 2001 માં ભારતની 74.17 કરોડ જેટલી વસ્તી ગ્રામવિસ્તારમાં હતી.

## વિભાગ : C

1. શહેરીકરણનું આકર્ષક પરિબળ જણાવો.
2. શહેરીકરણ એટલે શું ?
3. શહેરની વ્યાખ્યા આપો.
4. વિરુધ્ધ દિશામાં ધકકો મારતા પરિબળોનો ખ્યાલ સમજાવો.
5. શહેરીકરણની હકારાત્મક અસરોના માત્ર મુદ્દા લખો.
6. શહેરીકરણની નકારાત્મક અસરો જણાવો.

## વિભાગ : D

1. ભારતમાં શહેરીકરણની પ્રક્રિયાની લાક્ષણિકતાઓ જણાવો.

## વિભાગ : E

1. સ્થળાંતર પામતાં લોકોની લાક્ષણિકતાની ચર્ચા કરો.
2. ભારત સરકારની શહેરીકરણ નીતિ સમજાવો.
3. શહેરીકરણ કઇ રીતે થાય છે ? તેની બે હકારાત્મક અને નકારાત્મક અસરો ચર્ચો.
4. શહેરની વ્યાખ્યા આપો અને શહેરીકરણની પ્રક્રિયા સમજાવો.

# પાઠ :- 12 ભારતમાં કૃષિક્ષેત્ર

## વિભાગ : A

❖ વિકલ્પો :

1. કૃષિમાં 'સુધારેલા બિયારણો' કયા પ્રકારનો સુધારો ગણાય છે ?
➡ ટેકનોલોજીકલ
2. ઘઉંને કયા પાક તરીકે ઓળખવામાં આવે છે ?
➡ ધાન્ય
3. હાલમાં કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં કૃષિક્ષેત્રનો હિસ્સો કેટલો છે ?
➡ 25%
4. નાના ખેડૂતો કુલ જમીનના કેટલા ટકા જમીનની માલિકી ધરાવે છે ?
➡ 41%
5. દેશમાં કયા વર્ષ પછી થયેલા કૃષિવિકાસને 'હરિયાળી ક્રાંતિ' નામ આપવામાં આવ્યું ?
➡ ઇ.સ. 1968
6. વિકાસની સાથે રાષ્ટ્રીય આવકમાં કયા ક્ષેત્રનો હિસ્સો ઘટે છે ?
➡ કૃષિ
7. ભારતમાં હાલમાં કૃષિધિરાણની જવાબદારી કોણ નિભાવે છે ?
➡ NABARD
8. ભારતમાં કૃષિ વિકાસનો કયો તબક્કો હરિયાળી ક્રાંતિ તરીકે ઓળખાય છે ?
➡ 1968 બાદનો
9. કૃષિક્ષેત્રે સુધારાના ઘટકો કેટલા છે ?
➡ પાંચ
10. 1997-98 માં ઘઉંના વાવેતરનો વિસ્તાર કેટલા ટકા હતો ?
➡ 86.1 %

## વિભાગ : B

1. ભારતમાં કૃષિધિરાણ માટેની કઇ બેન્ક છે ?
➡ NABARD
2. સઘનકૃષિ એટલે શું ?
➡ એક જ જમીન પર વર્ષમાં એક કરતાં વધારે વખત પાક લેવાય તેને સઘનકૃષિ કહેવાય છે.
3. કૃષિપાકનાં સ્વરૂપ કેટલાં અને કયાં-કયાં છે ?
➡ 2 (1) અનાજ અને (2) રોકડિયો પાક
4. સીમાંત ખેડૂત કોને કહેવામાં આવે છે ?

➡ જે ખેડૂતનું જમીનધારણ 0 થી 1 હેક્ટર જમીન હોય તે ખેડૂતને સીમાન્ત ખેડૂત કહે છે.

5. 1950-51 માં રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રનો હિસ્સો કેટલા ટકા હતો ?

➡ 55.8%

6. રોકડિયા પાક એટલે શું ?

➡ જે પાકનું ઉત્પાદન મુખ્યત્વે આવક સર્જન માટે થતું હોય તેવા પાકને રોકડિયા પાક કહે છે.

7. 'સદૈવ હરિયાળી ક્રાંતિ' એટલે શું ?

➡ કૃષિની ઉત્પાદકતા લાંબા સમય સુધી ટકી રહે તેને 'સદૈવ હરિયાળી ક્રાંતિ' તરીકે ઓળખવામાં આવે છે.

8. ઇ.સ. 1998 માં સરકારે ઉદ્યોગોને 'સૂર્યદય' ઉદ્યોગ તરીકે ઓળખવ્યા ?

➡ અનાજની પ્રક્રિયા કરતાં ઉદ્યોગોને 'સૂર્યદય' ઉદ્યોગ તરીકે ઓળખવ્યા.

## વિભાગ : C

1. કૃષિ વિસ્તરણ અને સઘનકૃષિ એટલે શું ?
2. 'ભારતીય અર્થતંત્રમાં ખેતી કરોડરજ્જુ સમાન છે' સમજાવો.
3. હરિયાળી ક્રાંતિના મુખ્ય ઘટકો જણાવો.
4. કૃષિની જમીનદીઠ ઉત્પાદકતાના ખ્યાલને ઉદાહરણ સહિત સમજાવો.
5. ભારતમાં ખેડાણઘટકો શા માટે બિનઆર્થિક છે ?
6. ભારતમાં કૃષિક્ષેત્રના પડકારો જણાવો.

## વિભાગ : D

1. કૃષિધિરાણ વિશે નોંધ લખો.
2. જમીનદારી પ્રથા વિશે નોંધ લખો.

## વિભાગ : E

1. ભારતીય કૃષિની મહત્વની સમસ્યાઓનું વિશ્લેષણ કરો.
2. જમીનદારી પ્રથા નાબૂદી અને જમીનસુધારા વિશે ચર્ચા કરો.
3. હીરયાળી ક્રાંતિ એટલે શું ? હરિયાળીક્ર ક્રાંતિના મુખ્ય ચાર ઘટકોની ચર્ચા કરો.

# પાઠ :- 13 ભારતના ઉદ્યોગો

## વિભાગ : A

❖ વિકલ્પો :

1. નાના પાયાના એકમોને કઇ બેન્ક નાણાકીય સહાય આપે છે ?
➡ SIDBI
2. ઉદ્યોગો કૃષિ માટે શાનો પુરવઠો પૂર પાડે છે ?
➡ ટેક્નિકલ સાધનો
3. વિશ્વમાં બજારમાં કૃષિ પેદાશોની તુલનાએ ઉદ્યોગોની પેદાશોની કિંમતો કેવી હોય છે ?
➡ ઝડપી
4. ઔદ્યોગિક ઝઘડાની સંભાવના કયા એકમોમાં વધારે રહે છે ?
➡ મોટા અને મધ્યમ કદના
5. ગ્રામ સ્વવલંબન અને આર્થિક વિકેન્દ્રીકરણ માટે કયા ઉદ્યોગો મદદરૂપ બને છે ?
➡ નાના પાયાના ગૃહઉદ્યોગો
6. ઔદ્યોગિક ક્ષેત્રમાં થયેલી ઉત્પાદન વૃધ્ધિને કેટલા તબકકામાં વહેંચી શકાય ?
➡ પાંચ

## વિભાગ : B

1. મધ્યવર્તી ઉદ્યોગો એટલે શું ?
➡ જે ઉદ્યોગોના ઉત્પાદનનો અન્ય ઉદ્યોગોનાં નિક્ષેપ તરીકે ઉપયોગ થાય તે પહેલા તેમને ત્રો દ્વારા ચોકકસ સ્વરૂપ આપવામાં આવ્યું હોય તેને 'મધ્યવર્તી ઉદ્યોગ' કહે છે.
2. ઉદ્યોગીકરણ એટલે શું ?
➡ અર્થતંત્રના ઔદ્યોગિક ઉત્પાદનમાં વધતા દરે વધારો થાય તે માટે મૂડીરોકાણ અનુકૂળ વાતાવરણ પૂરું પાડવું એટલે ઉદ્યોગીકરણ.
3. નાના પાયાના એકમોને સહાય કરતી બે સંસ્થાઓના નામ આપો.
➡ (1) ખાલી અને ગ્રામોઉદ્યોગ નિગમ તથા (2) લઘુઉદ્યોગ નિગમ
4. ગુજરાતના કયા જિલ્લાઓમાં ઔદ્યોગિક વિકાસ નોંધપાત્ર થવા પામ્યો છે ?
➡ અમદાવાદ, વડોદરા અને સુરત વગેરે જિલ્લાઓમાં ઔદ્યોગિક વિકાસ નોંધપાત્ર થવા પામ્યો છે.
5. SIDBI નું પુરું નામ આપો.
➡ SIDBI એટલે Small Industries Devlopment Bank of India.
6. 'માંદુ ઔદ્યોગિક એકમ' એટલે શું ?
➡ લાંબા સમય સુધી ખોટ કરતા ઔદ્યોગિક એકમનો 'માંદુ ઔદ્યોગિક એકમ' કહે છે.
7. વણવપરાયેલી ઉત્પાદનશકિત કોને કહેવાય ?

Gyanpath

➡ જો ઔદ્યોગિક એકમો તેમની ઉત્પાદન-ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ ન કરે તો તેને વણવપરાયેલી ઉત્પાદનશકિત કહે છે.

## વિભાગ : C

1. મૂડીસર્જક ઉદ્યોગો કોને કહેવાય ?
2. સંયુકત ક્ષેત્રનો અર્થ આપો.
3. જાહેર ક્ષેત્રના એકનો અર્થ આપો.
4. ઔદ્યોગિક માંદગી અને ઔદ્યોગિક ઝઘડાનો અર્થ આપો.
5. વપરાશના ઉદ્યોગો કોને કહેવાય ?
6. પાયાના ઉદ્યોગ કોને કહેવાય ?
7. મધ્યવર્તી ઉદ્યોગોનો અર્થ આપો.

## વિભાગ : D

1. ‘નાના પાયાના ઉદ્યોગો આર્શીવાદરૂપ છે.’ સમજાવો.
2. માલિકીના ધોરણે ઔદ્યોગિક એકમોનું વર્ગીકરણ સમજાવો.
3. નાના પાયાના એકમોના પ્રશ્નોની ટૂંકમાં સમજૂતી આપો.
4. ભારતીય અર્થતંત્રમાં ઉદ્યોગોનું મહત્વ ચર્ચો.
5. ઉદ્યોગ ક્ષેત્રની મર્યાદા જણાવો.

## વિભાગ : E

1. નાના પાયાના એકમોની સમસ્થાઓની ચર્ચા કરો. તેમના વિકાસ માટેની નીતિ વિશે સમજૂતી આપો.
2. ભારતમાં મોટા અને મધ્યમ કદના ઉદ્યોગોના પ્રશ્નોની ચર્ચા કરો.
3. ઉદ્યોગીકરણ એટલે શું ? ભારતીય અર્થતંત્રમાં ઉદ્યોગોનું મહત્વ ચર્ચો.
4. ઉદ્યોગોનું વર્ગીકરણ જણાવી ઉત્પાદિત વસ્તુના ઉપયોગ આધારિત અને માલિકીના ધોરણે વર્ગીકરણ સમજાવો.

# પ્રશ્નપત્ર-1

સમય : 3 કલાક | કુલ ગુણ : 100

-: સૂચનાઓ :-

(1) ઉતર લખતાં પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ ઉતર આપો.
(2) આ પ્રશ્નપત્રમાં કુલ 48 પ્રશ્નો છે.
(3) વિકલ્પો આંતરિક છે.

## વિભાગ : A

❖ **નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉતર લખો :**
**(પ્રત્યેકનો 1 ગુણ) [10]**

1. અર્થશાસ્ત્રના નિયમો અને તેના વિશ્લેષણને સમજવા જેનું જ્ઞાન જરૂરી છે તે...
(A) ભૌતિકશાસ્ત્ર (B) મનોવિજ્ઞાન
(C) શિક્ષણશાસ્ત્ર (D) ગણિત અને ભૂમિતિ
2. માનવવિકાસ સાથે કઇ બાબત જોડાયેલી છે ?
(A) રાષ્ટ્રીય આવક (B) ઉદ્યોગો (C) ખેતી (D) આરોગ્ય
3. ઇ.સ. 1750 થી 1830 દરમિયાન કયા દેશમાં ઔદ્યોગિક ક્રાંતિ થઇ ?
(A) ભારત (B) પાકિસ્તાન (C) બ્રિટન (D) અમેરિકા
4. ભારતમાં રેલવેનો પ્રારંભ કયા વર્ષમાં થયો હતો ?
(A) ઇ.સ. 1853 (B) ઇ.સ. 1857 (C) ઇ.સ. 1850 (D) ઇ.સ. 1845
5. વૈશ્વિકીકરણની બાબતમાં કયા દેશો શ્રમની મુકત હેરફેર માટે સંમતિ આપતા નથી ?
(A) વિકાસશીલ (B) સામ્યવાદી (C) વિકસિત (D) યુરોપના દેશો
6. ચીને કયારે સમાજવાદી અર્થતંત્રનો ત્યાગ કર્યો ?
(A) ઇ.સ. 1978માં (B) ઇ.સ. 1968માં (C) ઇ.સ. 1929માં (D) ઇ.સ. 1980માં
7. નીચેનામાંથી કઇ બેરોજગારી ખુલ્લી કે સંપૂર્ણ બેરોજગારી તરીકે ઓળખાય છે ?
(A) શિક્ષિત (B) મોસમી (C) ચક્રીય (D) ઘર્ષણજન્ય
8. ઇ.સ. 2001 માં દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું હતું ?
(A) 972 (B) 927 (C) 933 (D) 934
9. કયા ઉદ્યોગો ગ્રામ-સ્વાવલંબન અને આર્થિક વિકેન્દ્રીયકરણ માટે મદદરૂપ થાય છે ?
(A) પાયાના (B) મોટા (C) મધ્યમ (D) નાના
10. ઉદ્યોગો કૃષિ માટે શાનો પુરવઠો પૂરો પાડે છે ?
(A) કાચો માલ (B) ટેક્નિકલ સાધનો (C) શ્રમિકો (D) સેવાઓ

## વિભાગ : B

❖ **નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો : (દરેકનો 1 ગુણ)** **[10]**

11. આકૃતિ કે આલેખ દોરવા માટે X ધરી પર શું લેવામાં આવે છે ?
12. યુનેસ્કોની સંપોષિત વિકાસની વ્યાખ્યા કઇ છે ?
13. માર્ગ-પરિવહન માટે કયા ખાતાની કયારે રચના કરવામાં આવી ?
14. STD નું ફુલ ફોર્મ આપો.
15. અર્થશાસ્ત્રમાં 'માનવમૂડી'નો ખ્યાલ કયા અર્થશાસ્ત્રીએ આપ્યો છે ?
16. હરિયાળી ક્રાંતિ માટે સરકારે લીધેલા બે પગલાં જણાવો.
17. આર્થિક સુધારા કોને કહેવાય ?
18. 'ગરીબ' કોને ગણવામાં આવે છે ?
19. ભારતનાં કયાં રાજયોમાં શહેરીકરણ વધ્યું છે ?
20. હરિયાળી ક્રાંતિ ભારતમાં કયા વર્ષથી શરૂ થઇ છે ?

## વિભાગ : C

❖ **નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં ઉત્તર લખો : (દરેકનો 2 ગુણ)** **[28]**

21. તુલનાત્મક અભ્યાસનો અર્થ આપો.
22. ટકાવારી અને ટકાવારી બિંદુ વચ્ચેનો શો તફાવત છે ?
23. આર્થિક વિકાસના માપદંડ તરીકે માથાદીઠ આવકના ખ્યાલની શું મર્યાદાઓ છે ?

    ***અથવા***

    આર્થિક વિકાસ એટલે શું ?
24. ભારતમાં હવાઇ પરિવહન કાયદો કયારે ઘડાયો ? તેનાથી કઇ સેવાઓ અસ્તિત્વમાં આવી ?
25. સ્વાવલંબન અને આત્મનિર્ભરતાનો અર્થ સ્પષ્ટ કરો.
26. ઉદારીકરણની નીતિ હેઠળ જાહેર ક્ષેત્રમાં કેટલા ઉદ્યોગો અનામત રાખ્યા છે તે જણાવી, કોઇ પણ બે ઉદ્યોગોનાં નામ જણાવો.
27. 'ગરીબીનું આંતરરાષ્ટ્રીય ધોરણ'નો ખ્યાલ સમજાવો.
28. ગરીબી-નિવારણ માટે સામાજિક સલામતીના વિવિધ કાર્યક્રમો જણાવો.
29. વિકસિત દેશોમાં જોવા મળતી બેરોજગારી ટૂંકમાં સમજાવો.

    ***અથવા***

    પ્રચ્છન્ન બેરોજગાર વ્યકિતઓની સીમાન્ત ઉત્પાદકતા શૂન્ય કેમ હોય છે ?
30. સ્ત્રી-પુરુષ પ્રમાણની અસમાનતા ઘટાડવાના ઉપાયો જણાવો.
31. પર્યાવરણની વિકેન્દ્રિત નીતિ કોને કહેવાય ?

32. ભારતમાં કૃષિક્ષેત્રના કોઇ પણ બે પડકારો સમજાવો.

33. શહેરીકરણનું આકર્ષક પરિબળ સમજાવો.

34. હરિયાળી ક્રાંતિના મુખ્ય ઘટકો જણાવો.

## વિભાગ : D

❖ **નીચેના પ્રશ્નોના મુદાસર ઉતર લખો : (દરેકનો 3 ગુણ)** **[27]**

35. સ્વાતંત્ર્ય પૂર્વેના ભારતીય અર્થતંત્રમાં બેન્કિંગ ક્ષેત્રનો ટૂંકો પરિચય આપો.

*36.* ભારતમાં સંદેશાવ્યવહારનાં મુખ્ય સ્વરૂપો વર્ણવો.

***અથવા***

સામાજિક આંતરમાળખું એટલે શું ?

37. ખાનગીકરણના મુખ્ય ઉદેશો જણાવો.

38. જન્મદર એટલે શું ? ભારતમાં ઊંચા જન્મદર માટેનાં સામાજિક પરિબળો સમજાવો.

***અથવા***

ભારતમાં વસ્તીવૃદ્ધિની બચત અને મૂડીરોકાણના સ્વરૂપ પરની અસરની ચર્ચા કરો.

39. નિરપેક્ષ અને સાપેક્ષ ગરીબીનો તફાવત સમજાવો.

40. સ્થળાંતરની હકારાત્મક અસરો જણાવો.

41. જમીનદારી પ્રથા વિશે નોંધ લખો.

42. નાના પાયાના ઉદ્યોગો આશીર્વાદરૂપ છે, સમજાવો.

43. નાના પાયાના ઉદ્યોગોના વિકાસ માટે સરકારની નીતિ જણાવો.

## વિભાગ : E

❖ **નીચેના પ્રશ્નોના મુદાસર ઉતર લખો : (દરેકનો 5 ગુણ)** **[25]**

44. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસના ખ્યાલો સવિસ્તાર સમજાવો.

45. આયોજનની વ્યૂહરચનાનો અર્થ આપો. આયોજનનાં ધ્યેયો સિદ્ધ કરવામાં વ્યૂહરચના કેટલે અંશે સફળ થઇ છે ?

***અથવા***

આયોજનની મર્યાદાઓ પર નોંધ લખો.

46. ભારતમાં પ્રવર્તમાન બેરોજગારીનાં કારણોની ચર્ચા કરો.

***અથવા***

બેરોજગારી ઘટાડવાના સર્વસામાન્ય ઉપાયોની ચર્ચા કરો.

47. નીચે આપેલા આંકડાકીય માહિતીને આધારે આલેખ દોરી વિશ્લેષણ કરો.

| દાયકો | 1951–61 | 1961–71 | 1971–81 | 1981–91 | 1997–2001 |
|---|---|---|---|---|---|
| દશકામાં વસ્તી-વૃદ્ધિદર | 21.64% | 24.80% | 24.66% | 23.42% | 21.77% |



Gnanpath

48. સ્થળાંતર પામતાં લોકોની લાક્ષણિકતાની ચર્ચા કરો.

*અથવા*

શહેરી વ્યાખ્યા આપો અને શહેરીકરણની પ્રક્રિયા વર્ણવો.

# પ્રશ્નપત્ર-2

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 100**

**-: સૂચનાઓ :-**

(1) ઉત્તર લખતાં પહેલાં પ્રશ્નોને કાળજીપૂર્વક વાંચી સૂચના મુજબ ઉત્તર આપો.

(2) આ પ્રશ્નપત્રમાં કુલ 48 પ્રશ્નો છે.

(3) વિકલ્પો આંતરિક છે.

## વિભાગ : A

❖ **નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : (પ્રત્યેકનો 1 ગુણ) [10]**

1. ઇ.સ. 2001માં કેરલમાં સાક્ષરતા દર કેટલો હતો ?
   (A) 85% (B) 91% (C) 95% (D) 88%
2. કયા દાયકા દરમિયાન આવકની પુનઃવહેંચણી સાથે વિકાસનું સૂત્ર જાણીતું થયું ?
   (A) 1950 (B) 1960 (C) 1970 (D) 1980
3. ભારતની મધ્યસ્થ બેન્ક કઇ છે ?
   (A) RBI (B) CBI (C) SBI (D) DBI
4. ........... માત્ર જાહેર ક્ષેત્રની પ્રવૃતિ છે.
   (A) વપરાશી વસ્તુઓનું ઉત્પાદન (B) માર્ગ-પરિવહન
   (C) અણુશકિત (D) છૂટક અને જથ્થાબંધ વેપાર
5. કોને અંધારી રાતના શત્રુ તરીકે ઓળખવામાં આવે છે ?
   (A) વસ્તીવધારો (B) ભાવવધારો (C) બેકારી વધારો (D) ગરીબી વધારો
6. આયોજનપંચના અંદાજ પ્રમાણે ભારતમાં 1999-2000માં દેશની વસ્તીના કેટલા ટકા લોકો ગરીબીરેખાની નીચે જીવતા હતા ?
   (A) 24 (B) 27 (C) 26 (D) 36
7. કયા દેશમાં શહેરી વસ્તીવધારો સૌથી ઓછો છે ?
   (A) શ્રીલંકા (B) અમેરિકા (C) ભારત (D) બાંગ્લાદેશ

8. સામાન્યતઃ શહેરીકરણ માટેનું કારણ છે...
(A) આંતરમાળખાકીય સવલતોનો વિકાસ (B) ઉદ્યોગીકરણ
(C) આર્થિક વિકાસ (D) સ્થળાંતર

9. ભારતમાં હાલ કૃષિધિરાણની જવાબદારી કોણ નિભાવે છે ?
(A) NABARD (B) SBI (C) UTI (D) RBI

10. ઔદ્યોગિક ક્ષેત્રમાં થયેલી ઉત્પાદન-વૃદ્ધિને કેટલા તબક્કામાં વહેંચી શકાય ?
(A) ચાર (B) ત્રણ (C) છ (D) પાંચ

## વિભાગ : B

❖ **નીચેના પ્રશ્નોના ઉતર એક વાક્યમાં લખો : (દરેકનો 1 ગુણ)** **[10]**

11. ભારતમાં વસ્તી-ગણતરીનો અહેવાલ કોના દ્વારા પ્રકાશિત થાય છે ?
12. માથાદીઠ રાષ્ટ્રીય આવક એટલે શું ?
13. સાક્ષરતા એટલે શું ?
14. કોલસાનો મહતમ ઉપયોગ શામાં થાય છે ?
15. કુટુંબનિયોજન એટલે શું ?
16. દેશમાં વસ્તીવિસ્ફોટ થયો છે એમ ક્યારે કહેવાય ?
17. અર્થતંત્રના સંદર્ભમાં પર્યાવરણની ભૂમિકાઓ જણાવો.
18. ધી નેશનલ કમિટી ઓન અર્બનાઇઝેશને શહેરો અંગે કઇ ભલામણ કરી હતી ?
19. કૃષિપાકનાં સ્વરૂપ કેટલાં અને કયાં કયાં છે ?
20. વૈશ્વિકીકરણથી ભારતીય ખેડૂતો સામે કયો પ્રશ્ન ઊભો થયો છે ?

## વિભાગ : C

❖ **નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં ઉતર લખો : (દરેકનો 2 ગુણ)** **[28]**

21. માનવવિકાસ આંક એટલે શું ? તે કેવી રીતે માપવામાં આવે છે ?
22. ''આર્થિક આંતરમાળખું આર્થિક વિકાસનું પ્રેરકબળ ગણાય છે.'' વિધાન સમજાવો.
23. ઊર્જાના બિનપરંપરાગત સ્ત્રોતો જણાવી તેના ઉપયોગો જણાવો.
24. ઉચ્ચ શિક્ષણનો તબક્કો માનવશકિત વિકાસ માટે શાથી મહત્વનો છે ?
25. આયોજનપ્રથાની કઇ ખામીઓ છે ?
26. મિશ્ર અર્થતંત્રનો અર્થ સમજાવી આપણા દેશના અર્થતંત્રમાં શું સ્થિતિ છે તે જણાવો.
27. વસ્તીનિયંત્રણમાં શિક્ષણની ભૂમિકા સમજાવો.
28. 'ગરીબીની સ્થિતિ'નો ખ્યાલ સમજાવો.

29. રોજગાર બાંહેધરી યોજનાનો હેતુ જણાવો. તેમાં કયા કામો હાથ ધરવામાં આવે છે ?

30. પર્યાવરણની નીતિ એટલે શું તેના મુખ્ય ઘટકોનાં માત્ર નામ દર્શાવો.

*અથવા*

પર્યાવરણની ખાળકૂંડી એટલે શું ?

31. વિકલ્પ વિનિયમ એટલે શું ? તે શાથી જરૂરી છે ?

32. રહેઠાણની તંગી શહેરીકરણમાં શા માટે અવરોધક બને છે ?

*અથવા*

શહેરીકરણની શૈક્ષણિક લાક્ષણિકતા જણાવો.

33. સઘનકૃષિ અને કૃષિવિસ્તરણ વચ્ચેનો તફાવત સમજાવો.

34. ઉદ્યોગોના વિકાસના બિનઆર્થિક લાભો કયા છે ?

## વિભાગ : D

❖ **નીચેના પ્રશ્નોના મુદાસર ઉતર લખો : (દરેકનો 3 ગુણ)** **[27]**

35. માનવવિકાસ આંકની સમજૂતી આપો.

36. નોંધ લખો : આર્થિક નીતિઓ અને આયોજનની વ્યૂહરચના

37. ભારતીય અર્થતંત્ર પર પડેલી અસરોના સંદર્ભમાં આર્થિક સુધારાઓનું મૂલ્યાંકન કરો.

*અથવા*

38. ભારતને 1991 માં નવા આર્થિક સુધારા અપનાવવાની ફરજ શાથી પડી ?

39. જાહેર વિતરણ-વ્યવસ્થા યોજના વિશે ટૂંક નોંધ લખો.

*અથવા*

નિરપેક્ષ ગરીબીનું નિર્ધારણ જણાવો.

40. વિકસિત અને વિકાસશીલ દેશોની બેરોજગારી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

41. ટૂંક નોંધ લખો : સ્થળાંતરનાં કારણો

42. “ગ્રામીણ વસ્તીનું શહેરોમાં થતું સ્થળાંતર શહેરીકરણનો મુખ્ય સ્ત્રોત છે.” આ વિધાન સમજાવો.

43. ભારતમાં કૃષિધિરાણ વિશે નોંધ લખો.

## વિભાગ : E

❖ **નીચેના પ્રશ્નોના મુદાસર ઉતર લખો : (દરેકનો 5 ગુણ)** **[25]**

44. આઝાદીપ્રાપ્તિ બાદ ભારતીય અર્થતંત્રમાં સર્જાયેલાં મુખ્ય પરિવર્તનો ચર્ચો.

*અથવા*

**ભારતીય અર્થતંત્રમાં વ્યવસાયિક માળખામાં આયોજનકાળ દરમિયાન શા ફેરફાર થયા છે ?**

45. **ગુજરાતમાં સાક્ષરતાવિષયક નીચેની માહિતીને સામયિક શ્રેણી આલેખમાં રજૂ કરી વિશ્લેષણ કરો.**

| વર્ષ | 1951 | 1961 | 1971 | 1981 | 1991 | 2001 |
|---|---|---|---|---|---|---|
| સાક્ષરતા (%) | 21.69 | 30.45 | 35.79 | 49.90 | 61.29 | 67.97 |

46. **ભારતમાં ઇ.સ. 1991 પછીના આર્થિક સુધારાઓની ચર્ચા કરો.**

47. **ભારતમાં જોવા મળતી બેરોજગારીના મુખ્ય પ્રકારો વર્ણવો.**

***અથવા***

**બેરોજગારીને માપવા માટે કયા ખ્યાલોને ધ્યાનમાં લેવામાં આવે છે ?**

48. **ભારતમાં મોટા અને મધ્યક કદના ઉદ્યોગોના પ્રશ્નોની ચર્ચા કરો.**

***અથવા***

**ભારતીય અર્થતંત્રમા ઉદ્યોગીકરણનું મહત્વ ચર્ચો.**

Gnanpath